પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૭ ●અંક : ૧૫૪ ●કુલ પાના : ૪ ● તારીખ : ૨૩-૦૨-૨૦૨૪ શુક્રવાર● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### વડાપ્રધાન નરેન્દ્ર મોદી નો ગુજરાત પ્રવાસ

## ગુજરાતના ગામડાઓએ વાવેલો છોડ વિશાળ વટવૃક્ષ બન્યો: વડાપ્રધાન નરેન્દ્ર મોદી




ગાંધીનગર,

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે ગુજરાતની મુલાકાતે છે. સવારે ૧૦:૨૦ વાગ્યે અમદાવાદ એરપોર્ટ ઉપર પહોંચ્યા હતા. જ્યાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને અમદાવાદના મેયર પ્રતિભા જૈન દ્વારા તેઓનું સ્વાગત કરવામાં આવ્યું હતું.નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં અમુલ ફેડરેશનના ગોલ્ડન જ્યુબિલી કાર્યક્રમમાં હાજરી આપવા પહોંચી ગયા છે. અહીં ઓપન જીપમાં નરેન્દ્ર મોદી ભૂપેન્દ્ર પટેલ અને સી.આર. પાટીલ સાથે સવાર થઈ ખેડૂતો અને લોકોનું અભિવાદન ઝીલ્યું હતું.આ કાર્યક્રમને લઈને વહેલી સવારથી જ ખેડૂતો સ્ટેડિયમ ખાતે પહોંચ્યા છે. સ્ટેડિયમ પાસે ચૂસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. નરેન્દ્ર મોદી સ્ટેડિયમ લોકોથી ભરાય ગયું છે. વડાપ્રધાને આજે અમૂલના પાંચ નવા પ્રોજેક્ટનો પ્રારંભ કરાવ્યો છે. વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે, ગુજરાતના ગામડાઓએ જે છોડ વાવ્યો હતો આજે તે વિશાળ વટવૃક્ષ બની ગયો છે.તેની શાખાઓ દેશ-વિદેશ સુધી ફેલાઈ ગઈ છે. ૠઝસ્સ્હ્નની સ્વર્ણિમ જયંતિની તમને ખૂબ ખૂબ શુભકામનાઓ. દરેક મહિલાઓનું હું અભિવાદન કરૂ છું. આઝાદી પછી દેશમાં બહુ જ બ્રાન્ડ બની પણ અમુલ જેવું કોઈ નહીં, અમુલ એટલે વિશ્વાસ, વિકાસ, જનભાગીદારી, ખેડૂતોનું સશક્તિકરણ, આત્મનિર્ભર ભારતની પ્રેરણા, મોટા સંકલ્પ અને સિદ્ધિઓ. આજે દુનિયા ના ૫૦ દેશમાં અમુલની પ્રોડક્ટ નિકાસ થાય છે. ૩૬ લાખ ખેડૂતોનું નેટવર્ક રોજ ૨૦૦ કરોડનું ઓનલાઈન પેમેન્ટ થાય છે જે આસાન નથી.

નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, સરદાર વલ્લભભાઈ પટેલના માર્ગદર્શનમાં ખેડામાં શરૂઆત કરાઈ હતી. આજે દુનિયા સૌથી મોટા દૂધ ઉત્પાદક દેશ આપણો છે. છેલ્લા ૧૦ વર્ષમાં ભારતમાં દૂધ ઉત્પાદકમાં ૬૦ ટકા વૃદ્ધિ કરી છે. દુનિયામાં ડેરી સેક્ટર માત્ર બે ટકાના દરથી આગળ વધે છે. જ્યારે ભારતમાં ૬ ટકા દરથી આગળ વધે છે. ભારતના ડેરી સેક્ટરની સૌથી મોટી વિશેષતા છે જેની ચર્ચા થતી નથી. આજે હું એ ચર્ચા કરવા માગુ છે. ૧૦ લાખ કરોડ ટર્નઓવરવાળી ડેરી સેક્ટરની મોટી કર્તાધર્તા આપણી માતાઓ, બહેનો અને દીકરીઓ છે. દેશમાં ઘઉં, શેરડી, ખાંડને મળીને જેટલું ટર્નઓવર થાય છે એના કરતા વધારે ડેરી સેક્ટરનું ટર્નઓવર છે. ભારતના ડેરી સેક્ટરનું અસલી બેકબોર્ન મહિલા શક્તિ છે.

તેમણે ઉમેર્યું હતું કે, અમુલની સફળતા મહિલા શક્તિના કારણે છે. ભારત ડેરી સેક્ટરની સફળતા મહિલાઓ માટે મોટી પ્રેરણા છે. ભારતને વિકસીત બનાવવા માટે દરેક મહિલાની આર્થિક શક્તિ વધવી એટલી આવશ્યકતા છે. મહિલાની આર્થિક શક્તિ વધારવા માટે અમારી સરકારી ચારેબાજુ કામ કરી રહી છે. સરકારના પ્રયાસથી છેલ્લા ૧૦ વર્ષથી ભાજપ સરકારે ૬ લાખ કરોડની આર્થિક મદદ કરી છે. ૪ કરોડ ઘર આપ્યા છે એમાં મોટાભાગના મહિલાઓના નામે છે. આપણે નમો ડ્રોન દીદી અભિયાનનું નામ સાંભળ્યું હશે. ૧૫ હજાર આધુનિક ડ્રોન દેવામાં આવી રહ્યું છે. જેની ટ્રેનિંગ મહિલાઓને આપવામાં આવી રહી છે. જે ખાતર અને દવા છંટકાવવામાં કામ આવશે.તેમણે કહ્યું હતું કે,આજે હું અમુલની પ્રશંસા કરું છું. પશુપાલકોને તેમના ખાતામાંથી પૈસા કાઢવા માટે બહુ દૂર નહીં જવું પડે. ગાંધીજી કહેતા હતા ભારતની આત્મા ગામડામાં વસે છે. અમારુ ફોકસ છે પશુઓનું સ્વાસ્થ્ય કેવી રીતે સારુ રહે, ખેડૂતો કેવી રીતે ધનવાન બને. આ વિચાર સાથે અમે પહેલીવાર ખેડૂતોને કિસાન ક્રેડિટ કાર્ડની સુવિધા પૂરી પાડી છે. ભાજપ સરકાર રાષ્ટ્રીય ગોકુલ માધ્યમથી દૂધાળુ પશુઓને સુધારવાનું કામ કરે છે. ગઈકાલે અમારી કેબિનેટની બેઠક મળી હતી. જેમાં નેશનલ લાયસ્ટોક મિશન દેશી પ્રજાતિને બચાવવા માટે જાહેર કર્યુ છે. સરકારે પશુધનનો વીમો કરવા માટે પ્રિમિયમની રકમ ઓછી કરવાનો નિર્ણય લીધો છે. સરકારે ૬૦ હજારથી વધુ અમૃત સરોવર બનાવ્યા છે. અમારો પ્રયાસ છે કે ગામડાના નાનામા નાના ખેડૂતને આધુનિક ટેકનોલોજીથી જોડવામાં આવે. લાખો કિસાન સમૃદ્ધિ કેન્દ્રો સ્થાપ્યા છે. અમારી સરકાર ખેડૂતોને સોલાર પમ્પ આપી રહી છે. દેશમાં ૧૦ હજાર ખેડૂત સંઘ છે. પશુપાલકો માટે ૩૦ હજાર કરોડનું એક અલગ ફંડ બનાવ્યું છે. અમુલ દુનિયાની ૮મી સૌથી મોટી ડેરી છે, તમારે એક નંબર પર લઈ જવાની છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, દેશની આઝાદી માટે ગુજરાતના બે પનોતા પુત્ર ગાંધીજી અને સરદાર વલ્લભભાઈ પટેલે ભૂમિકા ભજવી હતી. આજે નરેન્દ્ર મોદી અને અમિત શાહ દેશની વિકાસયાત્રા આગળ ધપાવી રહ્યા છે. ૩૬ લાખ પશુપાલકો વિશ્વનો સૌથી મોટો પરિવાર બની ગયો છે. દૂધના વેપારમાંથી લાભ મળે છે તે સાથે દેશમાં સૌનો સાથ સૌના વિકાસમાં સહભાગી બન્યો છે. બે દાયકામાં રાજ્યમાં દૂધ ઉત્પાદકોની સંખ્યા બમણી થઈ છે. જેમાં ૧૧ લાખ જેટલી તો નારીશક્તિ છે. આ પશુપાલક માતાઓ અને બહેનો લાખો કરોડોની આવક મેળવી પરિવારને મદદરૂપ બની રહી છે. દેશની આર્થિક સ્થિતિ ઉંચી લાવવામાં દૂધનું ઉત્પાદકોનો સહયોગ છે. ભારતની આ ડેરી વિશ્વની ડેરી તરીકે ઓળખ બનશે.

## કોંગ્રેસના નવા કાયદા પર હોબાળો ભાજપે તેને હિન્દુ વિરોધી ગણાવ્યો

કર્ણાટક,

લોકસભા ચૂંટણી પહેલા કર્ણાટકમાં મંદિરો પર ટેક્સ લગાવવાને લઈને વિવાદ છેડાઈ ગયો છે. રાજ્યની કોંગ્રેસ સરકાર વિધાનસભામાં 'કર્ણાટક હિંદુ ધાર્મિક સંસ્થાઓ અને સખાવતી સંસ્થાઓ બિલ' પસાર કરીને મંદિરો પર ટેક્સ લાદવામાં સક્રિય છે. તે જ સમયે, કર્ણાટકમાં મુખ્ય વિપક્ષી પાર્ટી બીજેપીએ કર્ણાટક સરકારના આ પગલાને હિંદુ વિરોધી ગણાવીને વિરોધ કરવાની ધમકી આપી છે.

કર્ણાટકના મુખ્ય પ્રધાન સિદ્ધારમૈયાની સરકાર દ્વારા વિધાનસભામાં પસાર કરાયેલા બિલમાં કહેવામાં આવ્યું છે કે મંદિરો અને અન્ય હિન્દુ ધાર્મિક સંસ્થાઓ જે વાર્ષિક ૧ કરોડ રૂપિયાથી વધુનું દાન મેળવે છે તેમને ૧૦ ટકા ટેક્સ ચૂકવવો પડશે. ૧૦ લાખથી ૧ કરોડ રૂપિયા સુધીના દાન પર ટેક્સનો દર ૫ ટકા રહેશે. કોંગ્રેસ સરકાર દ્વારા લાવવામાં આવેલી આ નવી ટેક્સ સિસ્ટમને લઈને ચર્ચા શરૂ થઈ ગઈ છે. રાજ્યની મુખ્ય વિપક્ષી પાર્ટી ભાજપ આ મુદ્દાનો ઉપયોગ લોકસભા ચૂંટણી પહેલા રાજકીય પ્રચાર તરીકે કરી શકે છે.

કર્ણાટકના પૂર્વ મુખ્યમંત્રી બીએસ યેદિયુરપ્પાના પુત્ર અને રાજ્ય ભાજપ અધ્યક્ષ વિજયેન્દ્રએ કહ્યું, "અમારા રાજ્યમાં કોંગ્રેસ સરકાર સતત હિંદુ વિરોધી નીતિઓ અપનાવી રહી છે. આ વખતે તેણે હિંદુ મંદિરોને દાન આપવા પર પણ ત્રાટકી છે." તેમણે એમ પણ કહ્યું કે ભાજપ કર્ણાટક સરકારની કાર્યવાહીનો વિરોધ કરશે અને શ્રદ્ધાળુઓ સામે જરૂરી કાયદાકીય પગલાં લેશે. "તેની ખાલી તિજોરી ભરવા માટે, કર્ણાટક હિન્દુ ધાર્મિક સંસ્થાઓ અને ચેરિટી બિલ કોંગ્રેસ દ્વારા પસાર કરવામાં આવ્યું છે," તેમણે કહ્યું. વિજયેન્દ્રએ જણાવ્યું હતું કે એકત્ર કરાયેલા નાણાંનો ઉપયોગ અન્ય હેતુઓ માટે કરવામાં આવશે.

પૂર્વ મુખ્યમંત્રી બીએસ યેદિયુરપ્પાએ પણ આશ્ચર્ય વ્યક્ત કર્યું કે શા માટે માત્ર હિન્દુ મંદિરોને જ નિશાન બનાવવામાં આવી રહ્યા છે અન્ય ધર્મોને નહીં. આ ટિપ્પણીનો જવાબ આપતા કર્ણાટકના મંત્રી રામલિંગા રેડ્ડીએ ભાજપ પર ધર્મને રાજકારણમાં લાવવાનો આરોપ લગાવ્યો. તેમણે કહ્યું કે કોંગ્રેસ હિન્દુત્વની સાચી સમર્થક છે. તમને જણાવી દઈએ કે થોડા વર્ષો પહેલા મહારાષ્ટ્રના પડોશી રાજ્યમાં શિરડીમાં શ્રી સાંઈબાબા મંદિરના ૧૭૫ કરોડ રૂપિયાના આવકવેરા વિવાદને સુપ્રીમ કોર્ટમાં ઉઠાવવામાં આવ્યો હતો.

## ભારત વર્ષ ૨૦૨૭ સુધીમાં બની જશે દુનિયાની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા

નવીદિલ્હી,

વિદેશી બ્રોકરેજ જેફરીઝે અંદાજ લગાવ્યો છે કે, જો બધું બરાબર રહેશે તો વર્ષ ૨૦૨૭ સુધીમાં ભારત વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની જશે. બ્રોકરેજ આગામી ૪ વર્ષમાં ભારતનો ૠઁ ઈ૫ ટ્રિલિયન સુધી પહોંચવાની અપેક્ષા રાખે છે. આ સાથે દેશની અર્થવ્યવસ્થા જાપાન અને જર્મની કરતા વધારેધુ મજબૂત બનશે.જેફરીઝના અહેવાલ અનુસાર, ભારત વર્ષ ૨૦૩૦ સુધીમાં અંદાજે ૧૦ ટ્રિલિયન ડોલરનું બજાર બનશે. તેથી મોટા વૈશ્વિક રોકાણકારો માટે દેશની અવગણના કરવી અશક્ય હશે. જેફરીઝે આગળ જણાવ્યું કે, એક દાયકા પહેલા ભારત ૯ મી સૌથી મોટી અર્થવ્યવસ્થા હતી, હવે તે ઈ૩.૪ ટ્રિલિયનના ૠઁ સાથે વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા બન્યું છે. બ્રોકરેજના જણાવ્યા મૂજબ ઘણા મોટા સુધારાને કારણે દેશની અર્થવ્યવસ્થાને વેગ મળ્યો છે. બ્રોકરેજે કહ્યુ કે, નાદારી કાયદો, ૠજી માળખું, રિયલ એસ્ટેટ માટે ઈઈઈછ એક્ટ અને નોટબંધી જેવા સુધારા લોન્ગ ટર્મ માટે સારા છે. જો કે શોર્ટ ટર્મમાં તેની યોગ્ય અસર જોવા મળી નથી.

જેફરીઝે કહ્યું કે, આગામી ૫ વર્ષમાં ભારતનો ૠઁ ન માત્ર ૬ ટકાના દરે વૃદ્ધિ પામશે પરંતુ દેશ એક નેતાની ભૂમિકામાં પણ હશે કારણ કે મોટા ભાગના મોટા અર્થતંત્રના દેશોનો વિકાસ દર ઘટી શકે છે. જેફરીઝે આશા વ્યક્ત કરી હતી કે વિકાસ દરમાં વધારો આ દાયકાના અંત પહેલા ભારતને વિશ્વ ૠઁ રેન્કિંગમાં ત્રીજા સ્થાને પહોંચવામાં મદદ કરશે. બ્રોકરેજે કહ્યું કે, અમે માનીએ છીએ કે ભારતીય ઈક્વિટી માર્કેટ આગામી ૫ થી ૭ વર્ષમાં ૮ ટકાથી ૧૦ ટકા ડોલર રિટર્ન આપવાનું ચાલુ રાખશે. ઈક્વિટીમાં બચતના ટ્રાન્સફર અને ભારતમાં મોટા યુનિકોર્નની સંભવિત સૂચિ દ્વારા સર્જાયેલ વાતાવરણ ૨૦૩૦ સુધીમાં માર્કેટ કેપ ઈ૧૦ ટ્રિલિયન સુધી લઈ જશે. બ્રોકરેજે આગળ જણાવ્યું કે, માર્કેટ કેપની દ્રષ્ટિએ ભારત પાંચમો સૌથી મોટો દેશ હોવા છતાં, બ્લૂમબર્ગ વર્લ્ડ ઈન્ડેક્સમાં તેનું રેન્કિંગ ૨.૦ ટકાના વેઈટેજ સાથે માત્ર આઠમું છે. તેનો અર્થ એ થયો કે વિદેશી રોકાણકારો માટે ભારતીય બજારમાં રોકાણ કરવાનો વિપુલ અવકાશ છે.

## બિહારમાં ૭.૬૪ કરોડ મતદારો લોકસભા ચુંટણીમાં મતદાન કરશે



બિહાર,

મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારના જણાવ્યા અનુસાર, બિહારમાં આગામી ૨૦૨૪ લોકસભા ચૂંટણી માટે લગભગ ૭.૬૪ કરોડ મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરી શકે છે.

રાજીવ કુમારે બુધવારે પટનામાં એક પ્રેસ કોન્ફરન્સમાં માહિતી આપી હતી કે રાજ્યમાં ૧૮-૧૯ વર્ષની વય જૂથમાં ૯.૨૬ લાખ પ્રથમ વખત મતદારો છે. વધુમાં મુખ્ય ચૂંટણી કમિશનરે કહ્યું કે, ૧૦૦ વર્ષથી વધુ ઉંમરના ૨૧,૬૮૦ મતદારો છે અને ૭.૬૪ કરોડ મતદારોમાંથી ૧.૬ કરોડ મતદારો ૨૦-૨૯ વર્ષની વય જૂથના છે અને આ ચૂંટણીમાં યુવાનોની ભૂમિકા ખૂબ જ મહત્વની રહેશે. મુખ્ય ચૂંટણી કમિશનરે એ પણ માહિતી આપી હતી કે, રાજ્યમાં વિકલાંગ વ્યક્તિઓ મતદારોની સંખ્યા ૬.૩ લાખ છે.

ચૂંટણી પંચે એ પણ માહિતી આપી કે અહીં ૪ કરોડ પુરુષ મતદાતા છે જ્યારે ૩.૬ કરોડ મહિલા મતદારો છે. તેમણે એ પણ માહિતી આપી કે, રાજ્યમાં ૧૪.૫ લાખ વરિષ્ઠ નાગરિક મતદારો છે. સીઈસીએ પ્રેસ કોન્ફરન્સમાં એ પણ માહિતી આપી હતી કે, કમિશને છેલ્લા બે દિવસમાં સામાન્ય ચૂંટણીઓ માટે વિવિધ રાષ્ટ્રીય રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે બેઠકો યોજી હતી. કમિશને કહ્યું કે તેણે મતદાર યાદીમાંથી ૧૬.૭ લાખ લોકોના મૃત્યુ અને મતદારોને અન્ય જગ્યાએ ખસેડવાના કારણે કાઢી નાખ્યા છે.

બિહારમાં ૭.૬૪ કરોડ મતદારો છે, જેમાંથી ૪ કરોડ પુરૂષ અને ૩.૬ કરોડ મહિલા છે. ૨૧,૬૮૦ મતદારો ૧૦૦ વર્ષથી વધુ ઉંમરના છે. ૯.૨૬ લાખ પ્રથમ વખતના મતદારો છે. ઝઈઝએ ઉમેર્યું. તેમણે લોકોને મતદાન સમયે કોઈપણ પ્રકારના ડર વગર મતદાન કરવા અપીલ કરી હતી. હું લોકોને અપીલ કરું છું કે, તેઓ કોઈપણ ડર વગર મતદાન કરવા જાય. આગામી મહિનામાં લોકસભા ચૂંટણીની તારીખો જાહેર થવાની આશા છે.

## મહારાષ્ટ્રના ૮૦૦૦ રેસિડેન્ટ ડોક્ટરો હડતાળ પર, હોસ્પિટલોમાં કામ બંધ

મહારાષ્ટ્ર,

મહારાષ્ટ્રમાં રેસિડેન્ટ ડોક્ટરોએ હડતાળની જાહેરાત કરી છે. નોટિસ જાહેર કરીને ડોક્ટરોએ કહ્યું કે, મહારાષ્ટ્રના નિવાસી ડોક્ટરો ૨૨મી ફેબ્રુઆરીના રોજ સાંજે ૫ વાગ્યાથી હડતાળ પર ઉતરશે. જો કે ઈમરજન્સી દર્દીઓ ડોક્ટરો દ્વારા જોવામાં આવશે, પરંતુ અન્ય દર્દીઓને પડતી તકલીફો માટે સરકાર જવાબદાર રહેશે. અભિજીત હેલગેએ આ માહિતી આપતી નોટિસ જાહેર કરી અને જણાવ્યું કે, તેઓ કેન્દ્ર સરકારથી કેમ નિરાશ છે. જાણો મહારાષ્ટ્રમાં ૮૦૦૦ રેસિડેન્ટ ડોક્ટરોની હડતાળ પાછળનું કારણ.

રેસિડેન્ટ ડોક્ટરોએ બુધવારે અનિશ્ચિત મુદતની હડતાળની જાહેરાત કરી છે. તેઓએ જણાવ્યું કે, ૨૨મી ફેબ્રુઆરીના રોજ સાંજે ૫ વાગ્યાથી અનિશ્ચિત મુદતની હડતાળ શરૂ થશે. આ હડતાળનું કારણ સમજાવતા સ્છઈઙ્ગના પ્રમુખ ડૉ. અભિજીત હેલગેએ જણાવ્યું હતું કે, રાજ્યભરના રેસિડેન્ટ ડૉક્ટરો વધુ સારી છાત્રાલયો, સ્ટાઈપેન્ડમાં વધારો અને બાકી લેણાંની ચુકવણીની માગણી સાથે હડતાળ કરશે.

રેસિડેન્ટ ડોક્ટરોએ તેમની માંગણીઓને લઈને આરોગ્ય મંત્રીને પત્ર લખ્યો હતો. ત્રણ પાનાના લાંબા પત્રમાં તેમણે લખ્યું હતું કે, "અમે સેન્ટ્રલ સ્છઈઙ્ગ, રાજ્યભરના રેસિડેન્ટ ડોક્ટરોની પ્રતિનિધિ સંસ્થા, મહારાષ્ટ્ર રાજ્યના રેસિડેન્ટ ડોક્ટરોને આપેલા વચનો પૂરા કરવા પ્રત્યે ગંભીરતાના અભાવથી અત્યંત નિરાશ છે. અમને ખાતરી આપવામાં આવી હતી કે, અમારી માંગણીઓ બે દિવસમાં પૂરી કરવામાં આવશે, પરંતુ બે અઠવાડિયા પછી પણ અમારી માંગણીઓ પર કોઈ પ્રગતિ થઈ નથી. તેમણે વધુમાં કહ્યું કે, અમે અગાઉ પણ સરકારના શબ્દોમાં વિશ્વાસ વ્યક્ત કર્યો હતો અને ઘણી વખત અમારી હડતાળ પાછી ખેંચી હતી.

આરોગ્ય મંત્રીને મોકલવામાં આવેલા પત્રમાં રેસિડેન્ટ ડોક્ટરોએ લખ્યું છે કે, અમારી અનેક વિનંતીઓ છતાં અમારી ચિંતાઓને અવગણવામાં આવી છે. આ કારણે તેમણે કહ્યું કે, અમારી પાસે અચોક્કસ મુદતની હડતાળ પર જવા સિવાય કોઈ વિકલ્પ બચ્યો નથી. રેસિડેન્ટ ડોક્ટરો હડતાળ પર જવાના કારણે મહારાષ્ટ્રની આરોગ્ય સેવાઓમાં ઘણી મુશ્કેલી પડી શકે છે. જેના કારણે ડોક્ટરોએ પહેલા પત્રમાં દર્દીઓની માફી માંગી અને વધુમાં કહ્યું કે તેઓ ઈમરજન્સી કેસની તપાસ કરશે. પરંતુ દર્દીઓની દેખભાળમાં કોઈ સમસ્યા હશે તો તેની જવાબદારી સરકારની રહેશે.

## પીએમ મોદી ફરી બન્યા વિશ્વના સૌથી લોકપ્રિય નેતા

નવીદિલ્હી

આંતરરાષ્ટ્રીય એજન્સી મોર્નિંગ કન્સલ્ટના સર્વે અનુસાર, પીએમ નરેન્દ્ર મોદી ૭૭ ટકા પોઈન્ટ સાથે આ રેટિંગમાં ટોપ પર છે. તેનો અર્થ એ છે કે તે વિશ્વના સૌથી લોકપ્રિય નેતા છે. મેક્સીકન રાષ્ટ્રપતિ એન્ડ્રૂ મેન્યુઅલનું નામ નરેન્દ્ર મોદી પછી વિશ્વના બીજા સૌથી લોકપ્રિય નેતાની યાદીમાં છે. તેના ૬૪ ટકા પોઈન્ટ છે. આ રેન્કિંગમાં સ્વિટ્ઝર્લેન્ડના લીડર એલેન બાર્સેટ ત્રીજા સ્થાને છે.પોલેન્ડના ડોનાલ્ડ ટસ્ક આ રેન્કિંગમાં ચોથા સ્થાને છે. તેને ૫૦ ટકા પોઈન્ટ્સ મળ્યા છે. તેણે ટોપ-૪માં સ્થાન મેળવીને ઘણા લોકોને ચોંકાવી દીધા છે. બ્રાઝિલના રાષ્ટ્રપતિ લુલા દા સિલ્વા વિશ્વના સૌથી લોકપ્રિય નેતાઓની યાદીમાં પાંચમા સ્થાને છે. તેને ૪૭ ટકા પોઈન્ટ્સ મળ્યા છે. ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થોની અલ્બેનિસે પણ ઘણા મોટા નામોને પાછળ છોડીને આ રેન્કિંગમાં છઠ્ઠું સ્થાન હાંસલ કર્યુ છે. તેમને ૪૫ ટકા વોટ મળ્યા હતા.

ઈટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોની જે પોતાની સ્ટાઈલ અને દેખાવ માટે જાણીતા છે તે આ રેન્કિંગમાં સાતમા સ્થાને છે. તેને ૪૪ ટકા પોઈન્ટ્સ મળ્યા છે. વિશ્વના પ્રખ્યાત નેતાઓની યાદીમાં સ્પેનના વડાપ્રધાન પેડ્રો સાંચેઝ આઠમા નંબરે છે. આ રેટિંગમાં તેને ૩૮ ટકા પોઈન્ટ્સ મળ્યા છે. અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાયડન આ યાદીમાં નવમા નંબરે છે. તે ૩૭ ટકા પોઈન્ટ સાથે આ નંબર પર છે. તેનું નામ ઘણું પાછળ જાય છે.

## કેજરીવાલને ઈડીનું સાતમુ સમન્સ: હાજર રહેવા અંગે સસ્પેન્સ

નવીદિલ્હી

દિલ્હીના શરાબકાંડમાં રાજયના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને હવે એન્ફોર્સમેન્ટ વિભાગે સાતમુ સમન્સ ઈશ્યુ કર્યુ છે અને તેઓએ તા.૨૬ના ઈડી સમક્ષ હાજર થવાનું રહેશે. અગાઉ છ સમન્સને ગેરકાનુની ગણાવીને ફગાવી દેનાર અરવિંદ કેજરીવાલ સામે ઈડીએ કોર્ટમાં પણ અરજી દાખલ કરીને તેઓ સમન્સને માન આપતા નહી હોવાનું જણાવ્યું છે. ટ્રાયલ કોર્ટ સમક્ષ કેજરીવાલે પોતે બજેટ સત્રામાં વ્યસ્ત હોવાનું જણાવીને હાજર રહ્યા ન હતા અને નવી તારીખે હાજર રહેવાની ખાતરી આપી છે.હવે કોર્ટે ૧૬ માર્ચે વધુ સુનાવણી રાખી છે તેથી આ સાતમા સમન્સમાં તેઓ હાજર રહેશે કે કેમ તે પ્રશ્ન છે. અગાઉ જ આમ આદમી પાર્ટીએ જાહેર કર્યુ હતું કે ઈડીએ અદાલતના આદેશની રાહ જોવી જોઈએ અને જો અદાલત કહેશે તો તેઓ ઈડી સમક્ષ હાજર થઈ જશે.

**જાહેર નોટીસ**

**મે.લુણાવાડાના સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં.**

જન્મ/મરણ/નોંધણી/અ.નં. /૨૦૨૩

અરજદાર :: શ્રી પટેલ મંગુબહેન રણછોડભાઈ રે.ડોલરીયા તા–ખાનપુર જી–મહીસાગર

:: વિરૂધ્ધ ::

સામાવાળા :: જન્મ–મરણ નોંધણી રજીસ્ટ્રાર અને ત.ક મંત્રી ડોલરીયા

આથી લાગતા વળગતા હિત ધરાવતા તમામ ઈસમોને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે,

ઉપરોકત અરજદારએ નામે "શ્રી પટેલ મંગુબહેન રણછોડભાઈ" એ તેમના પોતે નામે "પટેલ મંગુબહેન રણછોડભાઈ"ની જન્મ સને ૦૧/૦૫/૧૯૬૭ના વર્ષમાં મુ.ડોલરીયા, તા.ખાનપુર, જી. મહીસાગર મુકામે થયેલ હતો, તેવું અમારી સમક્ષ જાહેર કરી જન્મની નોંધ સામાવાળાના જન્મ રજીસ્ટરે કરવાની રહી ગયેલ હોઈ સામાવાળાના રજીસ્ટરે જન્મની નોંધણી કરાવવા સારૂ અત્રેની કોર્ટમાં અપીલ દાખલ કરેલ છે.

વાસ્તે સદરહું અરજદારની અરજી સામે જે કોઇ લાગતા વળગતા ઈસમોને વાંધો–તકરાર હોય તો તેમણે આ કોર્ટની સમક્ષ તા.૧૭/૧૨/૨૦૨૩ ના રોજ બપોરે ૩.૦૦ કલાકે લેખિતમાં પોતાના વાંધા–તકરાર રજુ કરવા, જો તેમ કરવામાં કસુર કરશો તો આ કોર્ટ સદર અપીલ અંગે કાયદેસરની આગળની કાર્યવાહી હાથ ધરશે જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૮/૧૧/૨૦૨૩ ના રોજ નોટીસ પ્રસિધ્ધ કરી.

કોર્ટનો સિક્કો

હુકમથી સહી/–
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ,
પ્રાન્ત લુણાવાડા.

**જાહેર નોટીસ**

**મે.લુણાવાડાના સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં.**

જન્મ/મરણ/નોંધણી/અ.નં. /૨૦૨૪

અરજદાર :: શ્રી રાવત ભારતીબેન રમણભાઈ રે. ઘોડીયારપીર, તા–ખાનપુર જી–મહીસાગર.

:: વિરૂધ્ધ ::

સામાવાળા :: જન્મ–મરણ નોંધણી રજીસ્ટ્રાર અને ત.ક.મંત્રી મદાપુર.

આથી લાગતા વળગતા હિત ધરાવતા તમામ ઈસમોને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે,

ઉપરોક્ત અરજદારએ નામે શ્રી "રાવત ભારતીબેન રમણભાઈ" એ તેમના પોતે નામે "રાવત ભારતીબેન રમણભાઈ" ની જન્મ સને ૧૫/૦૪/૧૯૮૪ ના વર્ષમાં મુ.ઘોડીયારપીર, તા.ખાનપુર, જી.મહીસાગર મુકામે થયેલ હતો, તેવું અમારી સમક્ષ જાહેર કરી જન્મની નોંધ સામાવાળાના જન્મ રજીસ્ટરે કરવાની રહી ગયેલ હોઇ સામાવાળાના રજીસ્ટરે જન્મની નોંધણી કરાવવા સારૂ અત્રેની કોર્ટમાં અપીલ દાખલ કરેલ છે.

વાસ્તે સદરહું અરજદારની અરજી સામે જે કોઇ લાગતા વળગતા ઈસમોને વાંધો–તકરાર હોય તો તેમણે આ કોર્ટની સમક્ષ તા.૨૦/૦૩/૨૦૨૪ના રોજ બપોરે ૩.૦૦ કલાકે લેખિતમાં પોતાના વાંધા–તકરાર રજુ કરવા. જો તેમ કરવામાં કસુર કરશો તો આ કોર્ટ સદર અપીલ અંગે કાયદેસરની આગળની કાર્યવાહી હાથ ધરશે જેની નોંધ લેશો.

આજ રોજ તા. ૨૧/૦૨/૨૦૨૪ ના રોજ નોટીસ પ્રસિધ્ધ કરી.

કોર્ટનો સિક્કો

હુકમથી સહી/–
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ,
પ્રાન્ત લુણાવાડા.

# નકલી કચેરી કૌભાંડ મામલે દાહોદ પોલીસનો વધુ એક ખુલાસો

- નકલી કચેરી કૌભાંડમાં તત્કાલીન પ્રયોજના વહીવટદાર સંજય પંડ્યાની અમદાવાદ ખાતેથી ધરપકડ.
- સંજય પંડ્યા એપ્રિલ ૨૦૨૨ થી માર્ચ ૨૦૨૩ સુધી દાહોદમાં પ્રાયોજના વહીવટદાર તરીકે ફરજાધિન હતા.
- સંજય પંડ્યા દ્વારા અબુ બકર સાથે મળી ૨.૭૮ કરોડ ઉપરાંતના ૧૮ કામો મંજુર કરી કૌભાંડ આચર્યો.
- કચેરી પ્રકરણમાં પોલીસે અત્યાર સુધીમાં ૧૪ આરોપીઓની ધરપકડ કરી,બે વોન્ટેડ..

### બહુચર્ચિત કોભાંડમાં ૨.૭૮ કરોડ ઉપરાંતના કામો અબુ બકર આણી મંડળીને ફાળવ્યાનો ઘસ્ફોટ.

અત્રે ઉલ્લેખનીય છે કે, તત્કાલીન પ્રાયોજના વહીવટદાર સંજય પંડ્યા દ્વારા નકલી કચેરી કોભાંડનો માસ્ટરમાઈન્ડ અબુબકર સૈયદ સાથે મળી કુલ ૧૮.૫૯ કરોડના કૌભાંડમાં ૨,૭૮,૯૮,૦૦૦ના કુલ ૧૮ કામો નકલી કચેરીમાં ફાળવી નકલી કચેરી કૌભાંડમાં સરખે સરખી ભાગીદારી નિભાવી હતી.જોકે આ સમગ્ર નકલી કચેરી કૌભાંડ હવે ૧૮.૫૯ કરોડથી વધીને ૨૫ કરોડ ઉપરાંતનું પહોંચી જવા પામ્યું છે. આ પ્રકરણમાં હજી સુધી ૧૧ કરોડ ઉપરાંતની રિકવરી પોલીસ દ્વારા કરવામાં આવી છે.સાથે સાથે ચાર્જસીટમાં ૭ બેંકના જે ૨૦૦ જેટલા સ્ટેટમેન્ટ સામેલ કરવામાં આવ્યા છે.તેમાંથી ઘણા બધા ખાતાઓ પોલીસે સીઝ કરી નકલી કચેરી કૌભાંડમાં વપરાયેલી સરકારી ગ્રાન્ટ રિકવર કરવામાં સફળતા સાપડી છે.જે બાદ હમણાં સુધી દાહોદ પોલીસે આ સમગ્ર પ્રકરણમાં નિવૃત આઈએએસ અધિકારી બીડી નિનામા કાર્યપાલક ઈજનેર ઈશ્વરસિંહ કોલચા તત્કાલીન પ્રાયોજના વહીવટદાર સંજય પંડ્યા પ્રાયોજના કચેરીમાં ફરજ બજાવતા અન્ય ચારથી વધુ કર્મચારીઓ તથા નકલી કચેરી કૌભાંડ આચરનાર ભેજાબાજો સહિત અત્યાર સુધીમાં ૧૪ જેટલા આરોપીઓની ધરપકડ કરી તેમને જેલના સળિયા પાછળ ધકેલી દેવામાં આવ્યા છે.તો બીજી તરફ આ સમગ્ર કેસમાં હજુ પણ બે આરોપીઓને પોલીસ ચોપડે વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા.



### ગાંધીનગર સ્પીપામાં ફરજાધિન સંજય પંડ્યા ૨૦૦૫ કેડરના વર્ગ ૧ ના અધિકારી, એક વર્ષ દાહોદ પ્રાયોજના વહીવટદાર હતા.

કારણ કે, તેઓ વર્ગ ૧ ના અધિકારી તરીકે ફરજાધિન હતા.આપણે જણાવી દઈએ કે સંજય પંડ્યા ૨૦૦૫ GAS કેડરના ડેપ્યુટી કલેક્ટર વર્ગ ૧ ના અધિકારી તરીકે જાહેર સેવામાં જોડાયા હતા અને ૧૯/૪/૨૦૨૨ થી ૧/૩/૨૦૨૩ સુધી દાહોદમાં પ્રાયોજના કચેરીમાં પ્રાયોજના વહીવટદાર તરીકે પદસ્થ હતા. હાલ જયારે તેમની અમદાવાદ ખાતેથી ધરપકડ કરવામાં આવી ત્યારે વર્તમાનમાં તેઓ ગાંધીનગર સ્પીપામાં ડેપ્યુટી ડાયરેક્ટર તરીકે ફરજ બજાવી રહ્યા હતા.

દાહોદ, સમગ્ર ગુજરાતભરમાં ચકચાર મચાવનાર ૧૮.૫૯ કરોડના નકલી કચેરી કોભાંડની તપાસ કરનાર અજ્ડ કે. સિદ્ધાર્થની ટીમે ગઈકાલે તાજેતરમાં ગાંધીનગર સ્પીપામાં ડેપ્યુટી ડારેક્ટર તરીકે ફરજાધીન સંજય પંડ્યાની અમદાવાદ ખાતેથી ધરપકડ કરી દાહોદ લાવતા છેલ્લાં કેટલાંય દિવસથી અંદરખાને ચાલી રહેલ નકલી કચેરી કોભાંડ પુનઃ ચર્ચામાં આવ્યો છે. દાહોદ પોલીસે તાજેતરમાં નકલી કચેરી કૌભાંડમાં ૭ બેંકોના ૨૦૦ સ્ટેટમેન્ટ સાથેની ચાર્જશીટ નામદાર કોર્ટમાં રજુ કરી હતી.જેમાં ૧૩ જેટલા આરોપીઓની ધરપકડ કરી તેમજ અન્ય બે આરોપીઓને વોન્ટેડ દર્શાવવામાં આવ્યા હતા.જોકે પોલીસ તપાસના અંતે ૧૮.૫૯ કરોડનો નકલી કચેરી કૌભાંડ હવે ૨૫ કરોડ પર આંબી ગયું છે. જોકે, હવે દાહોદ પોલીસે કોર્ટમાં ચાર્જશીટ રજુ કર્યા બાદ નકલી કચેરી કૌભાંડમાં આગળના સમયમાં શું અપડેટ મળશે તેની ઉત્સુકતા ધરાવનાર સૌ કોઈને લાગ્યું હશે કે આ પ્રકરણ અહિયાંથી પુરૂ થાય છે.પરંતુ પોલીસ અધિક્ષક ડો. રાજદીપસિંહ ઝાલાએ પહેલાથી જ સ્પષ્ટ કરી દીધું હતું.કે ભલે ચાર્જશીટ કોર્ટમાં રજુ થઈ ગઈ હોય પરંતુ પોલીસ આ મામલે અંદરખાને તપાસ ચાલુ રાખશે.અને જ્યાં સુધી કેસની સંપૂર્ણ તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી પોલીસ અટકશે નહિ તેમ જણાવ્યું હતું અને થયું પણ એવુ પોલીસે ચાર્જશીટ રજુ કર્યાના ગણતરીના દિવસોમાં જ નકલી કચેરી કૌભાંડમાં સામેલ તત્કાલીન પ્રાયોજના વહીવટદાર સંજય જગદીશ પંડ્યાની અમદાવાદ ખાતેથી દાહોદ અજ્ડ કે સિદ્ધાર્થની ટીમે ધરપકડ કરી પુછપરછ માટે દાહોદ લાવી સંજય પંડ્યાની ધરપકડ અંગેની જાણ હેડ ઓફ ધ ડિપાર્ટમેન્ટને પણ કરવામાં આવી હતી.

પોલીસે ભલે નકલી કચેરી કૌભાંડમાં ચાર્જશીટ નામદાર કોર્ટમાં રજૂ કરી દીધી છે. પરંતુ આ નકલી કચેરી કૌભાંડની તપાસ હજુ પણ પોલીસ અધિક્ષક ડો. રાજદીપ સિંહ ઝાલાના નિર્દેશનમાં ફતા કે. સિદાર્થ તેમજ તેમની ટીમ બિલકુલ ગુપ્ત રીતે ચાલી રહી છે. જેમાં આગામી સમયમાં જેમ જેમ તપાસની ત્રિજ્યા લંબાતી જશે તેમ તેમ આ કૌભાંડમાં સામેલ આરોપીઓને જેલના સળિયા પાછળ ધકેલી દેવામાં આવશે તેઓ પોલીસ સૂત્રો દ્વારા જાણવા મળી રહ્યું છે.

**નકલી કચેરી પ્રકરણમા ચાર્જશીટ રજુ કર્યા બાદ પણ તપાસ ચાલું**

**(- ડો. રાજદીપસિંહ ઝાલા,પોલીસ અધિક્ષક,)**

### કૌભાંડીઓ દ્વારા સરકારી નાણા ક્યાં ખર્ચ કર્યા તે માટે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની નિમણૂક કરાઈ.

પકડાયેલા આરોપીઓએ નકલી કચેરી કૌભાંડમાં વાપરેલા સરકારી નાણા ક્યાં ક્યાં ખર્ચ કર્યા છે, તે માટે પોલીસ દ્વારા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની નિમણૂંક કરવામાં આવી છે. જો આ કેસમાં ઉચાપત કરેલા સરકારી નાણામાંથી કોઈ મિલકત ખરીદવામાં આવી હશે અથવા અન્ય કઈ કઈ જગ્યાએ નાણાં ખર્ચવામાં આવ્યા છે. તેઅંગે પણ નામદાર કોર્ટની ગાઈડલાઈન મુજબ ટાંચમાં લઈ સરકારના રૂપિયાની પૂરેપૂરી રિકવરી કરવાની પોલીસ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.


## દે.બારીઆ ટાવર પાસે એસ.બી.આઈના એટીએમમાં પૈસા ઉપાડવા આવેલ ભુવાલના વ્યકિત પાસેથી ચાલકીથી એટીએમ કાર્ડ મેળવી ગઠીયાએ ૩૫ હજાર ઉપાડી લેતાં ફરિયાદ

દાહોદ, દાહોદ જીલ્લાના દેવગઢ બારીઆ નગરમાં ટાવર પાસે આવેલ એસ.બી.આઈના એટીએમ ઉપર એટીએમ કાર્ડ લઈ પૈસા કાઢવા આવેલ દેવગઢ બારીઆના ભુવાલ ગામના એક આધેડ પાસેથી એક અજાણ્યા ગઠીયાએ છળકપટ કરી ચોરીથી એટીએમ કાર્ડ મેળવી બીજુ બીન ઉપયોગી એટીએમ કાર્ડ પકડાવી દઈ અસલ એટીએમ કાર્ડનો પાસવર્ડ ચોરી છુપીથી જાણી લઈ તે એટીએમ કાર્ડ વડે તે આધેડના એકાઉન્ટ માંથી રૂા. ૩૫ હજાર ઉપરાંતની રકમ ઉપાડી લઈ વિશ્વાસઘાત છેતરપીંડી કર્યાનું બહાર આવવા પામ્યું છે.

દેવગઢ બારીઆ તાલુકાના ભુવાલ ગામે કાકરોળ ફળિયામાં રહેતા ૨૦ વર્ષીય અજયભાઈ પ્રવીણભાઈ પટેલના પિતા પ્રવીણભાઈ પટેલ ગત તા. ૨૭-૧૦-૨૦૨૩ના રોજ બપોરના સાડા બાર વાગ્યાથી દોઢ વાગ્યા દરમ્યાનના સમયગાળામાં દેવગઢ બારીઆ ટાવર પાસે આવેલ એસ.બી.આઈના એટીએમ ઉપર પૈસા કાઢવા ગયા હતા. તે વખતે એટીએમ મશીનાં પોતાનું એટીએમ કાર્ડ નાંખી તેનો પાસવર્ડ નાંખી પૈસા કાઢી રહ્યા હતા તે વખતે તેમની પાસે ઉભેલ એક અજાણ્યા ઈસમે પ્રવીણભાઈ પટેલના એટીએમ કાર્ડનો પાસવર્ડ ચોરી છુપીથી જાણી લીધો હતો અને ત્યારબાદ પ્રવીણભાઈ પટેલ પાસેથી તે ઈસમે અસલ એટીએમ કાર્ડ ચોરી છુપીથી છળકપટ પર કરી લઈ લીધા બાદ તે એટીએમ કાર્ડ જેવું બીજુ બીન ઉપયોગી એ.ટી.એમ.કાર્ડ પ્રવીણભાઈ પટેલને પકડાવી દીધું હતું. આ કામ એટલું ઝડપી કર્યું કે પ્રવીણભાઈ પટેલને તે બાબતે કાંઈ ખબર જ ન પડી અને ત્યારબાદ પ્રવીણભાઈ પટેલના અસલ એટીએમ કાર્ડનો તે અજાણ્યા ઈસમે ઉપયોગ કરી તેમના બેન્ક એકાઉન્ટમાંથી રૂા. ૩૫,૮૨૦ ઉપાડી લેતા આ બાબતની પ્રવીણભાઈ પટેલને જાણ થતાં તેઓણે પોતાની સાથે છેતરપીંડી વિશ્વાસઘાત થયાનું અનુભવતા તેઓએ પોતાના પુત્ર અજય ભાઈને વાતચ કરતા અજયભાઈ પ્રવીણભાઈ પટેલે આ મામલે દેવગઢ બારીઆ પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવતા પોલીસે આ સંદર્ભે ઈપિકો કલમ ૩૭૯, ૪૦૬, ૪૨૦ મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## ઝાલોદ નગરમાં વિશ્વકર્મા જયંતિ મહોત્સવની ભવ્ય પ્રોગ્રામો સાથે ધૂમધામ રીતે ઉજવણી કરાઈ

ઝાલોદ, તારીખ ૨૨-૦૨-૨૦૨૪ ગુરૂવારના રોજ ઝાલોદ નગરના પંચાલ સમાજ દ્વારા વિશ્વકર્મા જયંતિ મહોત્સવની ભવ્યાતિભવ્ય રીતે ઉજવણી કરાઈ. પંચાલ સમાજ દ્વારા બે દિવસના ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા. બે દિવસના ભવ્ય પ્રોગ્રામમાં નગરના તેમજ આસપાસના પંચાલ સમાજના લોકો જોડાયા હતા.



ઝાલોદ નગર પંચાલ સમાજ દ્વારા ૨૧-૦૨-૨૦૨૪ આનંદ મેળો તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમો જેમકે ગ્રુપ ગરબા, સિંગલ તથા ગ્રુપ ડાન્સ, નાટક,વકતૃત્વ સ્પર્ધા સાથે મહાઆરતી જેવા પ્રોગ્રામ યોજાયા હતા. આ સમગ્ર પ્રોગ્રામમાં નગરના પંચાલ સમાજના સહુ લોકોએ ઉત્સાહભેર ભાગ લઈ દરેક પ્રોગ્રામ સફળ બનાવ્યા હતા.

૨૨-૦૨-૨૦૨૪ ગુરૂવારના રોજ પંચાલ સમાજ દ્વારા વિશ્વકર્મા મહોત્સવને લઈ નગરની વ્યાપાર રોજગાર બંધ રાખવામાં આવી હતી. સવારથી જ પંચાલ સમાજના લોકો તેમના આરાદ્ય દેવ એવા વિશ્વકર્મા ભગવાનના દર્શન કરવા મંદિરે ઉમટી પડેલ હતા. આજના દિવસે વિશ્વકર્મા ભગવાનને સવારે ૬ વાગે કેસર સ્નાન, વિશ્વકર્મા ભગવાનની વિશેષ પૂજા-યજ્ઞ , દવજા આરોહણ, નગરમાં ભવ્ય શોભાયાત્રા જેવા પ્રોગ્રામો યોજવામાં આવેલ હતા. નગરમાં કાઢવામાં આવેલ શોભાયાત્રામાં મોટા પ્રમાણમાં પંચાલ સમાજના લોકો જોડાયા હતા. શોભાયાત્રા દરમ્યાન ભજન અને ગરબાની રમઝટે અનેરૂં ભક્તિમય વાતાવરણ ઉભું કર્યું હતું. નગરમાં વિશ્વકર્મા ભગવાનની શોભાયાત્રાનું સ્વાગત દરેક વિસ્તારમાં ફૂલોની છોળો ઉડાવી કરવામાં આવ્યું હતું. છેલ્લે પંચાલ સમાજ દ્વારા શોભાયાત્રા પૂરી થયા પછી યોજાયેલ સંસ્કૃતિ પ્રોગ્રામમાં ભાગ લેનારને ઇનામ આપી તેમનો જુસ્સો વધારવામાં આવ્યો હતો અને છેલ્લે ભગવાન વિશ્વકર્મા ભગવાનની મહા આરતી કરી સહુ લોકો એ મહાપ્રસાદનો લ્હાવો લીધો હતો.

## દાહોદ દ્વારા વિશ્વકર્મા જયંતિ મહોત્સવ અંતર્ગત દાહોદ શહેરના વિશ્વકર્મચા મંદિર ખાતે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું

દાહોદ, દાહોદ શહેરમાં પંચાલ સમાજ નવયુવક મંડળ, દાહોદ દ્વારા વિશ્વકર્મા જયંતિ મહોત્સવ અંતર્ગત દાહોદ શહેરના વિશ્વકર્મચા મંદિર ખાતે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના ભાગરૂપે દાહોદ શહેરમાં વિશ્વ કર્મા ભગવાનની ભવ્ય શોભાયાત્રા નીકળી હતી. આ શોભાયાત્રા શહેરમાં નિર્ધારિત માર્ગો પર ફરી હતી. શોભાયાત્રામાં મોટી સંખ્યામાં સમાજના વયોવૃદ્ધથી લઈ બાળકો જેમ મહિલાઓ મોટી સંખ્યામાં હાજર રહી રહી ત્યારે શોભાયાત્રામાં મહિલાઓના રાશ, ગરબાએ વિશેષ રમઝટ બોલાવી હતી.



વિશ્વ કર્મા જયંતિ મહોત્વ નિમિત્તે આજરોજ દાહોદ શહેરમાં ચેતના સોસાયટીમાં આવેલ વિશ્વકર્મા મંદિર ખાતે વિવિધ કાર્યક્રમોનું પંચાલ નવયુવક મંડળ, દાહોદ દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તારીખ ૨૧મી ફેબ્રુઆરીના રોજ પંચાલ સમાજની વાડી, ચેતના સોસાયટી, દાહોદ ખાતે આનંદ મેળો તથઆ ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. પંચાલ સમાજના સૌ બાળકો તેમજ જ્ઞાતિબંધુઓને આનંદ મેળામાં ખાણીપીણીના સ્ટોલ તેમજ આનંદ-પ્રમોદના સાધનોની વ્યવસ્થા કરવામાં આવી હતી. ત્યારે બીજા દિવસે એટલે કે આજરોજ તારીખ ૨૨મી ફેબ્રુઆરીના રોજ શ્રી વિશ્વકર્મા જયંતિ મહોત્સવ નિમિત્તે વિશ્વકર્મા ભગવાનનો કેશન દુધથી અભિષેક, વિશ્વકર્મા ભગવાનનું પૂજન, અલ્પાહાર, વિશ્વકર્મા ભગવાનની શોભાયાત્રા દાહોદ શહેરમાં વાજતે ગાજતે કાઢવામાં આવી હતી. આ શોભાયાત્રા વિશ્વકર્મા મંદિરથી નીકળી શહેરના વિવિધ માર્ગો પર ફરી હતી. શોભાયામાં સમાજના તમામ લોકો હાજર રહ્યાં હતા. ત્યારે શોભાયાત્રામાં મહિલાઓની રાશ, ગરબા મંડળીએ વિશેષ આકર્ષણનું કેન્દ્ર જમાવ્યું હતું. શોભાયાત્રા નિર્ધારિત માર્ગો પર ફરી પરત મંદિરે ફરી હતી. ત્યાર બાદ પ્રાંસગિક પ્રવચન, ધજાઓરોહણ, થાળ તથા મહાઆરતી તેમજ મહાપ્રસાદ જેવા કાર્યક્રમો યોજાયા હતાં.

## દિવ્યાંગ બહેનોએ નેશનલ કેરિયર સર્વિસ સેન્ટર, વડોદરા ખાતે તાલીમ મેળવવા સંપર્ક કરવો

દાહોદ, ભારત સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય દ્વારા સંચાલિત દિવ્યાંગો માટેના નેશનલ કેરિયર સર્વિસ સેન્ટર ( મહિલા ), ઠક્કર બાપા હોસ્ટેલ પરિસર, નિઝામપુરા રોડ વડોદરા ખાતે એવી મહિલા વિકલાંગની પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવાના હેતુથી વિવિધ વ્યવસાયિક કોર્સ અંગેની તાલીમ આપવામાં આવે છે.આ તાલીમ એવી દિવ્યાંગ બહેનો કે જેઓની અપંગતા ૪૦% કે તેથી વધુ હોય, ૫૦ થી ૬૯ આઈ કયુ તેમજ ૧૫ થી ૫૦ વર્ષની ઉંમર ધરાવતી બહેનો માટે કેન્દ્રમાં ડ્રેસ મેકિંગ, કોમ્પ્યુટર એપ્લિકેશન, કોમર્શિયલ અને સેક્રેટરીયલ પ્રેક્ટિસના તાલીમાર્થીઓને ભારત સરકાર તરફથી નિયમનુસાર શિષ્યવૃતિનો લાભ પણ મળવાપાત્ર થશે.આ તાલીમ માટે ઈચ્છુક દિવ્યાંગ બહેનોને કામકાજના દિવસો દરમ્યાન સવારે ૧૦ થી સાંજના ૪ વાગ્યા સુધી કેન્દ્રનો ફોન નંબર ૦૨૬૫-૨૭૮૨૮૫૭ તેમજ મોબાઈલ નંબર ૮૫૧૧૨૯૧૩૦૯ પર સંપર્ક કરવા જણાવાયું છે.

## દાહોદ તાલુકા અર્બન હેલ્થ સેન્ટર-૧ (ગરખાયા) ટીબીના દર્દીને પોષણ આહાર કીટ વિતરણ કરાઈ

દાહોદ, પ્રધાનમંત્રી ટીબી મુકત ભારત અભિયાન અંતર્ગત દાહોદ જીલ્લા આરોગ્ય અધિકારી અને જીલ્લા ક્ષય અધિકારી ડો. આર.ડી.પહાડીયાના માર્ગદર્શન હેઠળ દાહોદ તાલુકાના અર્બન હેલ્થ સેન્ટર-૧(ગારખાયા) વિસ્તારમાં ટીબીના સારવાર હેઠળના ૩૦ જેટલા ટીબી દર્દીઓને દાહોદ નગરપાલિકા ઉપપ્રમુખ શ્રદ્ધાબેન ભડંગ નિક્ષય મિત્ર બની દર્દીઓને પોષણ યુક્ત આહાર માટેની કીટ વિતરણ કરવામાં આવ્યું. આમ, પ્રધાનમંત્રી ટીબી મુક્ત ભારત અભિયાનને નીક્ષય મિત્ર બનીને સફળ બનાવ્યું

## દાહોદ પોલીસમાં ૪ પી.આઈ તેમજ ૭ પી.એસ.આઈ કક્ષાના અધિકારીઓની આંતરિક બદલી કરાઈ.

દાહોદ, ગુજરાત સરકારે લોકસભા ચૂંટણીને અનુલક્ષીને પોલીસબેડામાં રાજયવ્યાપી બદલીઓ કરતા ૫૦૦ ઉપરાંત પીએસઆઇ કક્ષાના તેમજ પીઆઈ કક્ષાના બિન હથિયારધારી તેમજ હથિયારધારી અધિકારીઓની બદલીઓ કરતા દાહોદ જીલ્લામાંથી પણ કેટલાક પીઆઈ તેમજ પીએસઆઇ કક્ષાના પોલીસ અધિકારીઓની જીલ્લા બહાર બદલીઓ કરવામાં આવી હતી. તો જીલ્લા બહારથી બિન હત્યાધારી તેમજ હથિયારધારી પીએસઆઇ તેમજ પીઆઇ કક્ષાના દાહોદ ખાતે બદલી કરવામાં આવી હતી. જે બાદ દાહોદ પોલીસ અધિક્ષક ડોક્ટર રાજદીપસિંહ ઝાલાએ જીલ્લા બહારથી આવેલા અધિકારીઓ તેમજ દાહોદ જીલ્લામાં જુદા જુદા પોલીસ મથકમાં ફરજ બજાવી રહેલા પોલીસ અધિકારીઓની આંતરિક બદલીઓનો ગંજીફો ચિપતા સાત જેટલા પીએસઆઇની અન્ય મથકોમાં બદલી કરવામાં આવી છે. ચાર જેટલા પીઆઈની જુદા જુદા પોલીસ મથકોમાં નિમણૂંક કરવામાં

**આંતરીક બદલી કરાયેલા પી.આઇ કક્ષાના અધિકારીઓની યાદી....**

(૧) કે. આર. રાવત-દાહોદ ટાઉન બી ડિવિઝન
(૨) એન.એમ.રાવત-સી.પી.આઈ.બારીઆ
(૩) જે. એમ. ખાંટ - પી. આઇ. લીમખેડા પો. સ્ટેશન
(૪) એસ.વી. વસાવા - સી. પી. આઇ. દાહોદ

**જીલ્લામાં આંતરીક બદલી કરાયેલા પી.એસ.આઇ કક્ષાના અધિકારીઓની યાદી....**

(૧) સી.આર.દેસાઈ - દાહોદ રૂરલ પો.
(૨) ડી.આર.બારૈયા - એલ.સી.બી. શાખા..
(૩) આર.પી.પાંડોર - એલ . આઈ. બી. શાખા, દાહોદ
(૪) જે.કે. બારીયા - દાહોદ ટાઉન બી ડિવિઝન..
(૫) ડી.એસ.લાડ - ફર્સ્ટ પીએસઆઇ દેવગઢ બારીઆ.
(૬) આર. કે. ધાધરેટિયા - જીલ્લા ટ્રાફિક શાખા દાહોદ
(૭) પી.ડી.તડવી - સેકન્ડ પીએસઆઇ દેવગઢ બારીઆ.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.154

# હાલોલના મદાર ગામે સરપંચ પર ૫૦ થી વધુના ટોળાએ કર્યો હુમલો : સમગ્ર ઘટના CCTV માં કેદ






હાલોલ,

હાલોલ તાલુકાના મદાર ગામના સરપંચના ઘર જઈ ગામના કેટલાક માથાભારે ઈસમો દ્વારા મારામારી કર્યાની ફરિયાદ હાલોલ રૂરલ પોલીસ મથકે નોંધાવવા પામી છે. જયારે સામે પક્ષે સરપંચના ઘરે જઈ હુમલો કરનાર ત્રણ વ્યકિતઓ દ્વારા પોલીસ મથકે સરપંચ સહિત ત્રણ વ્યકિત સામે ક્રોસ ફરિયાદ આપવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી મુજબ હાલોલ તાલુકા ગ્રામ પંચાયતના સરપંચ નરવતભાઈ પરમારે ફરિયાદ મુજબ મારા છોકરાને પાણીનુ ટેન્કર લેવા માટે મોકલ્યો હતો ત્યારે પંચાયતનુ ટેન્કર આવ્યુ ન હતુ જેને લઈ આ ઈસમોને ઠપકો આપ્યો હતો જેની અદાવત રાખીને આ ઈસમો રાત્રિના સમયે હથિયારો લઈને મારા ઘરે આવ્યા હતા અને મારામારી કરી હતી. જેમાં સરપંચ નરવતભાઈને માથામાં લાકડી વાગી જેને લઈ સારવાર માટે લઈ ગયેલ હોય જેને લઈ આજરોજ હાલોલ રૂરલ પોલીસ મથકે મિતેશ પરમાર સહિતના અન્ય લોકો દ્વારા મારા ઘરે આવીને મારામારી કરી હોય અને આ ઘટના ઘરમાં લાગેલ સીસીટીવીમાં કેદ થયેલ હોય જેમમાં કેટલાક ઈસમોનુ ટોળુ બાઈકો લઈ લાકડીઓ દંડા લઈ છુટા હાથે મારામારી કરતા હોવાના દ્રશ્યો કેદ હોય જેના આધારે ઈસમો સામે ફરિયાદ નોંધાવી છે.

જયારે સામા પક્ષે મિતેશ પરમાર દ્વારા સરપંચ સહિત ત્રણ વ્યકિતઓ દ્વારા ફરિયાદ આપતા જણાવ્યુ હતુ કે,તે અને તેનો મિત્ર ગ્રામ પંચાયત પાછળ થઈને એક કાર્યક્રમમાં જઈ રહ્યા હતા ત્યારે સરપંચ નરવતભાઈ પરમાર અને સુભાષ પરમાર, હર્ષદ જાડીયો, ગૌતમ પરમારે તેને રોકીને છોલ છપાટ કરી હતી જેને લઈ ઘરે જઈ વાત કરેલ હતી. જેથી તેના પિતા અને ભાઈ સરપંચના ઘરે ફરિયાદ કરવા ગયા હતા ત્યારે સરપંચ અને અન્ય ઈસમો દ્વારા હુમલો કરાયો હતો. તેવી ફરિયાદ હાલોલ રૂરલ પોલીસ મથકે નોંધાવવા પામી છે.

## શહેરામાં જીલ્લા પુરવઠા અધિકારી અને મામલતદાર દ્વારા ખાનગી અનાજ કરીયાણાના વેપારીને ત્યાં તપાસ કરી ચોખા-ડાંગરનું ઓનલાઈન પોર્ટલ રજીસ્ટ્રેશન નહિ કરેલ પાંચ વેપારી સામે કાર્યવાહી





શહેરા,

શહેરા સિંધી માર્કેટમાં જીલ્લા પુરવઠા અધિકારી અને મામલતદાર સહિતની ટીમ દ્વારા અનાજ અને કરીયાણાના ખાનગી વેપારીઓના ત્યાં ઓચિંતી તપાસ હાથધરી હતી.ઘઉં , ચોખા અને ડાંગરનું ઓનલાઈન પોર્ટલ ઉપર રજીસ્ટ્રેશન નહી કરેલ ૫ જેટલા વેપારીઓના ત્યા જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.શહેરા મામલતદાર કચેરી ખાતે મામલતદાર ધર્મેન્દ્ર પટેલના અધ્યક્ષ સ્થાને ૬ ફેબ્રુઆરીએ અનાજ અને કરીયાણાના વેપારીઓની મળેલ મિટિંગમાં ઘઉં , ચોખા અને ડાંગરનું ઓનલાઈન પોર્ટલ ઉપર ફરજીયાત રજીસ્ટ્રેશન કરવા અંગે જરૂરી સૂચનો આપવામાં આવ્યા હતા. જોકે, અમુક વ્યાપારીઓએ આ બાબતને કોઈ જ ગંભીરતાથી ન લીધી હોય એવુ જીલ્લા પુરવઠા અધિકારી અને મામલતદારની તપાસ દરમિયાન બહાર આવ્યું છે. નગર વિસ્તારમાં આવેલ સિંધી માર્કેટમાં જીલ્લા પુરવઠા અધિકારી એચ.ટી.મકવાણા અને મામલતદાર ધર્મેન્દ્ર પટેલ દ્વારા ગુરૂવારના રોજ કરિયાણા અને અનાજના વેપારીઓના ત્યાં ઓચિંતી તપાસ કરવામાં આવતા પાંચ જેટલા વેપારીઓએ ઓનલાઈન પોર્ટલ ઉપર ઘઉં સહિતનો અન્ય સ્ટોક નહી દેખાડવા સાથે રજીસ્ટ્રેશન નહીં કરેલ હોવાનું સામે આવ્યુ હતું. જીલ્લા પુરવઠા ની તપાસ ટીમ દરમિયાન ખાનગી વેપારીઓ એ રજીસ્ટ્રેશન ન કરેલ હોવા સાથે ઘઉં સહિતનો ૧૫૨૨ કિલો જથ્થો જાહેર કરેલ નહિ હોવાથી નિયમો અનુસારની કાર્યવાહી કરવામાં આવી હતી.જ્યારે જીલ્લા પુરવઠા અધિકારી દ્વારા એચ.ટી.મકવાણા ના જણાવ્યા અનુસાર સિંધી માર્કેટમાં જુદા જુદા ખાનગી વેપારીઓના ત્યાં આકસ્મિક તપાસણી હાથ ધરવામાં આવી હતી. વેપારીઓ સાથે બેઠક કરીને આ પહેલા પણ ઘઉં સહિતનો જથ્થો જાહેર કરવા માટે સૂચનો પણ આપવામાં આવ્યા હતા. તેમ છતાં અમુક વ્યાપારીઓએ જથ્થો જાહેર નહીં કરીને રજીસ્ટ્રેશન નહીં કરેલ તેવા પાંચ જેટલા ખાનગી વેપારીઓના ત્યાં કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જીલ્લા પુરવઠા અધિકારી અને મામલતદાર સહિતની ટીમ દ્વારા ખાનગી વ્યાપારીઓના ત્યા ઓચિંતી તપાસ હાથ ધરવામાં આવતા નિયમોનું પાલન નહી કરતા અનાજ કરીયાણાના અન્ય દુકાનોના વેપારીઓમાં ફફડાટ ફેલાયો હતો.

## પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે રૂ.૩૮.૫૭ કરોડના ખર્ચે તૈયાર થયેલી નવનિર્મિત મલ્ટીસ્ટોરી આઈ.ટી.આઈ ગોધરા બિલ્ડિંગનું ઈ-લોકાર્પણ કરાયું





ગોધરા,

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી હાલમાં ગુજરાત રાજ્યના પ્રવાસે છે. પ્રધાનમંત્રી દ્વારા ગુરુવારે નવસારી ખાતેથી રાજ્યના રૂ. ૪૪ હજાર કરોડથી વધુના વિવિધ વિકાસકાર્યોનું ઈ-ખાતમુહૂર્ત અને ઈ-લોકાર્પણ કર્યું હતું. તમામ પ્રકલ્પો પૈકી પંચમહાલ જિલ્લાના મુખ્યમથક ગોધરા શહેરના દાહોદ રોડ પર નિર્માણ પામેલી નવીન ઔદ્યોગિક તાલીમ સંસ્થાના ભવનનું પણ ઈ-લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ઈ-લોકાર્પણ કરાયા બાદ રીબીન કાપીને ગોધરાની મલ્ટી સ્ટોરી આઈ.ટી.આઈ બિલ્ડિંગને વિદ્યાર્થીઓ માટે ખુલ્લી મૂકવામાં આવી હતી. રૂા.૩૮.૫૭ કરોડના ખર્ચે તૈયાર થયેલી આ મલ્ટીસ્ટોરી આઈ.ટી.આઈ બિલ્ડિંગ અદ્યતન સુવિધાઓ સાથે તૈયાર કરવામાં આવી છે.જેમાં જીમનેશિયમ,કોન્ફરન્સ રૂમ સહિત સેન્ટ્રલ એસી સાથે સમગ્ર બિલ્ડિંગ તૈયાર કરાયું છે. નવીન આઈ.ટી.આઈ.થી પંચમહાલ ઉપરાંત મહીસાગર અને દાહોદ જેવા જિલ્લાઓમાંથી ગોધરા ખાતે અભ્યાસાર્થે આવતા વિદ્યાર્થીઓને અભ્યાસનો સીધો લાભ મળી રહેશે.

ગોધરા ખાતે પ્રધાનમંત્રીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં યોજાયેલા કાર્યક્રમમાં લોકસભા સાંસદ રતનસિંહ રાઠોડ, તાજેતરમાં નવનિયુક્ત થયેલા રાજ્યસભાના સાંસદ ડો.જે.એસ.પરમાર, જિલ્લા પંચાયત પ્રમુખ રેણુકાબેન ડાયરા,ગોધરા ધારાસભ્ય સી.કે.રાઉલજી, મોરવા હડફ ધારાસભ્ય નિમિષાબેન સુથાર,ગોધરા આઈ.ટી.આઈ આચાર્ય દિનેશ વરમોરા સહિત મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ગોધરા ટ્રેનમાં ચોરીમાં પકડાયેલ આરોપી મોહસીન સુલેમાન મીઢીંની જામીન અરજી નામંજુર કરતી કોર્ટ

ગોધરા,

ગોધરા રેલ્વે સ્ટેશન ટ્રેન માંથી ચોરી કરતાં પકડાયેલ આરોપી પૈકીના એક આરોપી દ્વારા કોર્ટમાં રેગ્યુલર જામીન અરજી મુકવામાં આવી હતી. જેની સુનાવણી હાથ ધરતાં કોર્ટમાં સરકારી વકીલની દલીલોને ગ્રાહ્ય રાખી આરોપીની જામીન અરજી નામંજુર કરવામાં આવી.

ગોધરા રેલ્વે સ્ટેશન પાસે તા.૦૨/૧૧/૨૦૨૩ના રોજ જયપુર-બાન્દ્રા એકસપ્રેસ ટ્રેનમાં કોચ નં.બી/૦૪માં મુસાફરો જયપુર થી વડોદરા આવી રહ્યા હતા. ત્યારે વહેલી સવારે ગોધરા સ્ટેશન આવતાં પહેલા પાંચ ઈસમો ટ્રેનમાં ચડીને આરોપી મોહસીન સુલેમાન મીઢી (રહે. ગોહ્યા મહોલ્લા,ગોધરા) તથા અન્ય ત્રણ ઈસમો દ્વારા બે લેડીઝ પર્સ ચોરી કરી ટ્રેનમાંથી ઉતરી ભાગવા જતા મોહસીન સુલેમાન મીઢી પકડાઈ ગયો હતો. જ્યારે ત્રણ ઈસમો નાશી છુટીયા હતા. જ્યારે પકડાયેલ આરોપી પાસેથી ચોરી કરાયેલ લડીઝ પર્સ, રોકડ, મોબાઈલ, પાણીનો બોટલ, મેકઅપ સામાન મળી ૩,૦૦૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપાયેલ આ બાબતે ગોધરા રેલ્વે પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. આરોપીની અટક કરી જેલમાં મોકલી આપવામાં આવ્યો હતો. આરોપી મોહસીન સુલેમાન મીઢીં દ્વારા કોર્ટમાં રેગ્યુલર જામીન માટે અરજી મુકી હતી. આ જામીન અરજીની સુનાવણી ચોથા એડીશનલ ડીસ્ટ્રીકટ સેશન્જ જજ પી.એ.માલવીયાની કોર્ટમાં સુનાવણી હાથ ધરાઈ હતી. જેમાં સરકારી વકીલ રાકેશ એસ.ઠાકોર દ્વારા વિગતવાર દલીલો કરતાં દલીલોને ધ્યાને લઈ આરોપીની જામીન અરજી નામંજુર કરવામાં આવી.

## ઘોઘંબા તાલુકા પંચાયત ખાતે લોકસભાની ચુંટણીને લઈ બીજેપી પાર્ટી દ્વારા વિચારણા કરાઈ

ઘોઘંબા,

પંચમહાલ અને છોટાઉદેપુર લોકસભા ધરાવતુ ઘોઘંબા અને ઘોઘંબા તાલુકા પંચાયત કચેરી ખાતે તાલુકા પ્રમુખ ઉપસ્થિતિમાં ભારતીય જનતા પાર્ટીના વિકાસની વાતો આખા ભારત દેશમાં થઈ રહી છે. ત્યારે આપણા વડાપ્રધાન નરેન્દ્ર મોદી જે વિકાસ કરી રહ્યા છે અને ભારત દેશનો છેવાડાના જે લોકોને જે લાભ મળી રહ્યા છે અને ઘણા લોકોને લાભ મળવાના પણ છે એવામાં જ હાલ આપણા ભારત દેશની લોકસભા ચૂંટણી આવિ રહી છે. તો્ તે બુથ મજબૂત તો ગામ અને ગામડા અને્ સીટી શહેરનો વિકાસ તો જ ભારત દેશનો વિકાસ આપણુ બુથ મજબૂત બને તે બાબતે સમીક્ષા બેઠક કરવામાં આવી અને સો.એ.સો ટકા ભાજપને મળે તે બાબતે ચર્ચા વિચારણા કરવામાં આવી આ સમયે ઘોઘંબા તાલુકા પ્રમુખ હેમંત રાઠવા તેમજ ભારતિય જન્તા પાર્ટી પ્રમુખ ગુણવત ગોહિલ તેમજ દાહોદ કિસાન મોરચાના પ્રભારી જયપાલસિંહ રાઠોડ તેમજ જિલ્લા યુવા મહામંત્રી નરેન્દ્ર પરમાર ઘોઘંબા યુવા ઉપપ્રમુખ રાજેન્દ્ર બ્રહ્મભટ્ટ તેમજ હાલોલ વીધાનસભા બેઠકના ઉમેદવાર ભરત રાઠવા એ બન્ને લોકસભાના બુથ ખુબજ મજબુત બને તે બાબતે ચર્ચા વિચારરણા કરવામાં આવી તે બેઠકમા યુવા કાર્યકર મીત્રો તેમજ ભાજપના વરિષ્ઠ કાર્યકરો ઉપસ્થિતિમાં બુથ સમિક્ષા કરાઈ.

## ગોધરા કનેલાવ સ્પોર્ટસ કોમ્પ્લેકસ ખાતે દિવ્યાંગ ખેલ મહાકુંભ યોજાયો



ગોધરા,

ગોધરા શહેરના કનેલાવ ખાતે આવેલ સ્પોટ્ર્સ કોમ્પ્લેક્સમાં દિવ્યાંગ ખેલ મહાકુંભનું આયોજન કરવામાં આવેલ હતું. ત્રણ દિવસ માટે યોજાયેલ આ ખેલ મહાકુંભ કાર્યક્રમમાં આજે ક્રિકેટ રમત નો પણ સમાવેશ થયો હતો. જેમાં શારિરિક રીતે અપંગ અનેક ખેલાડીઓ દ્વારા માત્ર ૮ ઓવરમાં ૧૦૫ રન કરીને હરિફ ટીમને હરાવી જીત મેળવી હતી.

પંચમહાલ જિલ્લામાં દિવ્યાંગો માટેના ખાસ ત્રણ દિવસીય ખેલ મહાકુંભનું આયોજન ગોધરા નજીક કનેલાવમાં આવેલ જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર ખાતે યોજવામાં આવ્યું હતું. જયાં ત્રણ દિવસ દરમ્યાન પ્રજ્ઞાચક્ષુ, અસ્થિવિષયક અને શ્રવણમંદ ખેલાડીઓ માટે વિવિધ રમતોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં આજે ત્રીજા દિવસે ઓર્થોપેડિક વિકલાંગ લોકો માટે ક્રિકેટ રમતનું આયોજન થયેલ હતું. જેમાં શારિરિક રીતે વિકલાંગ હોવા છતાં ક્રિકેટ કેવી રીતે રમવી અને બીજા લોકોને પ્રેરિત થઈ શકે તેનું ઉત્તમ ઉદાહરણ રજૂ થયેલ હતું. જયારે આજ રોજ યોજાયેલ આ ક્રિકેટ ખેલ મહાકુંભમાં શારીરિક વિકલાંગ ખેલાડીઓની ત્રણ ટીમોની મેચમાં એ(ફ) ટીમ દ્વારા ૮ ઓવરની અંદર ૧૦૫ રન નો રેકોર્ડ કરી હરીફ ટીમને ૭ ઓવરમાં ઓલ આઉટ કરી વિજેતા જાહેર કરવામાં આવેલ હતું.ત્યારે વિકલાંગ હોવા છતાં કેવી રીતે બેટિંગ, બોલિંગ અને ફિલ્ડિંગ કરીને સુંદર સ્કોર કરી શકાય તેનું ઉત્તમ ઉદાહરણ રજૂ થ્યું હતું.

## પંચમહાલ જિલ્લા ખાણ ખનીજ વિભાગ શહેરાના આંબાજેટી ગામે રેતી ભરેલ ટ્રેકટર તેમજ બાયપાસ ઉપર ઓવરલોડ કોલસા ભરેલ ટ્રક મળી ૪૦ લાખનો મુદ્દામાલ સીઝ કરાયો

ગોધરા,

પંચમહાલ જિલ્લા ખાણ ખનીજ વિભાગ દ્વારા શહેરા તાલુકાના ઉમરપુર અને આંબાજેટી કુણ નદીમાંથી ગેરકાયદેસર રેતી ખનન કરી રેતી ભરતા ટ્રેકટર તેમજ ગોધરા બાયપાસ હાઈવે રોડ ઉપરથી ઓવરલોડ કોલસા ભરી જતી ટ્રક મળી ૪૦ લાખના વાહનો સીઝ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ છે.

પંચમહાલ જિલ્લા ખાણ ખનીજ વિભાગને રજુઆત મળી હતી કે, શહેરા તાલુકાના ઉમરપુર તેમજ આંબાજેટી પાસેથી પસાર થતી કુણ નદીમાંથી ગેરકાયદેસર ખનીજ માફિયાઓ રેતી ખનન કરી વાહનો દ્વારા વહન કરવામાં આવતી હોય છે જેના આધારે ખાણ ખનીજ વિભાગે આંબાજેટી ગામે છાપો મારી કુણ નદીમાંથી રેતી ભરતા ટ્રેકટરને ઝડપી પાડવામાં આવ્યુ. જયારે ગોધરા બાયપાસ રોડ ઉપરથી ઓવરલોડ કોલસા ભરી જતી ટ્રક ઝડપી પાડવામાં આવી તેમજ વડોદરા હાઈવે તૃપ્તિ હોટલ પાસેથી રેતી ભરેલ ટ્રેકટર મળી કુલ ૪૦ લાખ રૂપિયા વાહનો ઝડપી પાડીને સીઝ કરવામાં આવ્યા હતા. ખાણ ખનીજ વિભાગ દ્વારા કરાઈ રહેલી કામગીરીને લઈ ખનીજ માફિયાઓમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે. ખાણ ખનીજ વિભાગની કાર્યવાહી દરમિયાન ઝડપાયેલ વાહનો સામે દંડનીય કાર્યવાહી હાથ ધરાઈ છે.

## ગોધરા મોદી વાડી નં.૧માં પરપ્રાંતિયને આઈ.ડી.પ્રુફ વગર મકાન ભાડે આપી જાહેરનામાંનો ભંગ કર્યાની ફરિયાદ

ગોધરા,

ગોધરા મોદીની વાડી નં.૧ આરોપી ઈસમે પોતાનુ મકાન પરપ્રાંતિય ઈસમને કોઈપણ પ્રકારના આઈ.ડી.વગર આપી દઈ જાહેરનામાંનો ભંગ કરતા આ બાબતે એ-ડીવીઝન પોલીસ મથકેફરિયાદ નોંધાવવા પામી છે. પ્રાપ્ત માહિતી મુજબ ગોધરા મોદીની વાડી નં.૧માં રહેતા રામજરાભાઈ હિરાલાલ શાહ એ પોતાના કબ્જાનુ મકાન પરપ્રાંતિય વ્યકિતને કોઈપણ જાતના આઈ.ડી.વગર આપી તેમજ આ બાબતે પોલીસને જાણ નહિ કરી જાહેરનામાંનો ભંગ કરતા આ બાબતે ગોધરા શહેર એ-ડીવીઝન પોલીસ મથકે ગુનો નોંધાવવા પામ્યો છે.